ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૮ ટકા

ગાંધીનગર તાપમાન

# રંગોના પર્વને શહેરીજનોએ મન ભરીને માણ્યું...!!

## અબાલવૃધ્ધ સૌ કોઈએ ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરી : યુવા વર્ગે રેઈન ડાન્સની મજા માણી : સ્વર્ણિમ પાર્ક અને સંત સરોવર જેવા સ્થળોએ ગૃપમાં ઉજવણી થતી જોવા મળી : સાંજે હોટલ-રેસ્ટોરન્ટ તથા વસંતોત્સવ હાઉસફુલ બન્યા









ગાંધીનગર, તા.૨

શહેરમાં રંગોનું પર્વ ધુળેટી ઉલ્લાસભેર ઉજવાયું હતું. રંગોત્સવના આ ઉત્સવમાં શહેરના અબાલવૃધ્ધ સૌ કોઈ જોડાયા હતા અને એકબીજાને રંગ લગાડી અને પલાળીને ઉજવણી કરી હતી. યુવા પેઢીએ શહેરમાં કેટલેક ઠેકાણે યોજાયેલા રેઈન ડાન્સની મોજ માણી હતી. બપોર પછી ઘેરૈયાંઓએ ગૃપમાં કે પરિવાર સહિત શહેરની રેસ્ટોરન્ટસમાં ખાણીપીણીની મોજ માણી હતી. ધુળેટી રમવા સાથે શહેરીજનોએ ધાણી-ખજૂરની પણ પેટભરીને મિજબાની માણી હતી. સોસાયટીઓના રસ્તા પણ અવનવા રંગોથી છવાઈ ગયા હતા.

ગાંધીનગરમાં હોળી-ધુળેટીના પરંપરાગત પર્વે નગરજનો હોંશભેર ઉજવણીમાં જોડાયા હતા. ધુળેટીના દિવસે બાળકોએ સવારથી જ ઉજવણી ચાલુ કરી દીધી હતી અને પિચકારીઓમાં રંગ ભરીને બાળકો એકબીજાને છાંટવા માટે દોડાદોડી કરી મુકી હતી. સેકટરોમાં સોસાયટી તથા વસાહતોમાં નાગરિકોએ એકઠા થઈ એકબીજા પર રંગ છાંટવા સાથે પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. મોટે ભાગે નગરજનોએ પોતાની સોસાયટીના પડોશી, સગા સંબંધીઓ અથવા મિત્ર વર્તુળ સાથે ધુળેટીનું પર્વ ઉજવવાનું પસંદ કર્યુ હતું. યુવા વર્ગે શહેરમાં કુડાસણ, ઈન્ફોસીટી કે અન્ય સ્થળે રિસોર્ટસમાં યોજાયેલ રેઈન ડાન્સની મોજ માણી હતી. સ્વર્ણિમ પાર્ક તથા સોકટરના ગાર્ડનમાં પણ યુવાઓ મિત્રો સાથે એકબીજાને રંગ લગાડવા અને મસ્તી કરતા નજરે ચઢયા હતા. આ સાથે યુવાનોએ સોશ્યલ મિડીયા પર પોતાના ધુળેટી રમેલા ફોટોઝ શે'ર કર્યા હતા. શહેરમાં સાબરમતી નદી પરના સંત સરોવર ખાતે પણ અનેક યુવાનોના ગૃપ ધુળેટીની ઉજવણી કરવા પહોંચ્યા હતા.

ધુળેટીનું પર્વ મનભરીને ઉજવ્યા પછી સાંજના સમયે નગરજનોએ હોટલ-રેસ્ટોરન્ટસની તરફ દોટ મુકી હતી અને નાસ્તા પાણીની જયાફતો માણી થાક ઉતાર્યો હતો. સોશ્યલ મિડીયા પર ધુળેટીની ઉજવણીના મસ્તીભર્યા ફોટોઝ અને વિડીયોઝ મોટી સંખ્યામાં અપલોડ થવા પામ્યા હતા અને તેને કારણે ઈન્ટરનેટ કયાંક ધીમું પડયાની ફરિયાદો પણ જોવા મળી હતી. ધુળેટીની રજાને પગલે સંસ્કૃતિ-કુંજ ખાતે ચાલી રહેલા વસંતોત્સવમાં પણ માનવ મહેરામણ ઉમટયો હતો.

# કામધેનુ યુનિવર્સિટીના રમતોત્સવ સ્પંદન-૨૦૧૮નો પ્રારંભ

ગાંધીનગર, તા.૩

કામધેનુ યુનિવર્સિટી આયોજિત બે દિવસીય આંતર કોલેજ-આંતર પોલીટેકનીક રમોત્સવ ‘‘સ્પંદન-૨૦૧૮’’ને આજ રોજ તા.૦૩/૦૩/૨૦૧૮ના કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખ માંડવીયા, માર્ગ વાહનવ્યવહાર અને હાઈવે, શીપીંગ, કેમિકલ અને ફર્ટીલાઈઝર રાજ્ય મંત્રી, ભારત સરકાર દ્વારા સે-૧૫માં સાઈ સંકુલના નેતાજી સુભાષ પશ્ચિમી કેન્દ્ર, ખાતે ખુલ્લો મુકવામાં આવ્યો. આ રમોત્સવમાં કબડ્ડી, વોલીબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, એથ્લેટિક, ચેસ વિગેરે જેવી રમતોમાં વિદ્યાર્થી ૨૦૩ અને વિદ્યાર્થીનીઓ ૪૫ એમ કુલ ૨૪૮ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લેનાર છે. વધુમાં કામધેનુ યુનિવર્સિટીની રાજપુર, હિંમતનગર ખાતે આવેલ અંગભૂત પશુપાલન પોલીટેકનીક માટે એનિમલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ પણ મંત્રી મનસુખ માંડવીયાના હાથે કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે ‘‘રમતગમત એ સદિયોથી ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલો છે તેમજ રમત ઉત્સવ શારીરિક સવાસ્થ્ય અને તંદુરસ્તી સાથે જોડાયેલ છે અને ટીમ ભાવના જાગૃત કરે છે. શાસ્ત્રો મુજબ વસંત ઋતુમાં આવા કાર્યક્રમો થવા જોઈએ’’ આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો. પી. એચ. વાટલીયાએ વિશેષ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદબોધન આપતા જણાવ્યું કે, ‘‘ત્રીજા વાર્ષિકોત્સવ જેવા કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળહળશે’’

# ધુળેટીએ સંત સરોવરમાં ન્હાવા પડેલા ધો-૧૦માં અભ્યાસ કરતા કિશોરનું ડુબી જવાથી મૃત્યુ

ગાંધીનગર, તા.૩

ધુળેટીની બપોરે સંત સરોવર ખાતે ગાંધીનગર તથા આસપાસના વિસ્તારોમાંથી સંખ્યાબંધ લોકો ન્હાવા આવ્યા હતા. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાંથી પણ ત્રણેક મિત્રો ગાંધીનગર આવ્યા હતા. બપોરે ત્રણ પૈકી બે મિત્રો સંત સરોવરમાં ન્હાવા ગયા જયારે એક મોબાઈલો અને પાકીટ સાચવવા બહાર બેઠો હતો. બંને મિત્રો ન્હાઈને પરત આવ્યા ત્યારે મોબાઈલ સાચવવા બેઠેલ ૧૭ વર્ષીય કિશોર ગાયબ હતો. કહ્યા વગર ન્હાવા જતો રહેલો ડુબી જતા મોતને ભેટયો હત. ડભોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ ગઈ કાલે ધુળેટીના દિવસે અમદાવાદ શાહીબાગ ખાતે ઘોડા કેમ્પ સામે ન્યુ લક્ષ્મીનગર વિસ્તારમાં રહેતા ત્રણ મિત્રો ગાંધીનગર સરીતા ઉદ્યાનની પાછળ સંત સરોવરમાં ન્હાવા આવ્યા હતા. બે મિત્રો બપોરે ન્હાવા પડયા અને ૧૭ વર્ષીય ત્રીજો મિત્ર ભરત મદનભાઈ સકસેના તેમના મોબાઈલ અને પાકીટ સાચવવા બહાર બેઠો હતો. બંને મિત્રો ન્હાઈને બહાર નીકળ્યા તો ભરત સકસેના ગાયબ હતો. ધો-૧૦માં અભ્યાસ કરતો સકસેના મિત્રોની જાણ બહાર ન્હાવા પડયો હતો અને નદીના ખાડામાં ગરકાવ થઈ જતા ડુબી ગયો હતો. ફાયરબ્રિગેડ બોલાવીને શોધખોળ કરતા ભરત સકસેનાનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ પોલિસને થતા ડભોડા પોલિસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતક કિશોરના પરિવારજનોને બોલાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાથી સંત સરોવર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# સંસ્કાર ગૃપ દ્વારા કુદરતના સાનિધ્યમાં હોળી-ધૂળેટી પર્વની ઉજવણી

## ‘વન્ય જીવ બચાવો’ કાર્યક્રમની ઉજવણી

ગાંધીનગર, તા.૩

સંસ્કાર ગૃપ દ્વારા ધોળાકુવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હોળી અને ધૂળેટી પર્વ નિમિત્તે તહેવાર વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સેકટર-૭ના બગીચામાં વૃક્ષોને સમજાવીને બાળકોને કંકુ-ચંદન તેમજ કેસુડાથી રંગવામાં આવ્યા હતા તેમજ વન્યજીવોના સંરક્ષણ વિશે પણ બાળકોને માહિતી આપવામાં આવી હતી.

સંસ્કાર ગૃપ દ્વારા ધોળાકૂવા પ્રાથમિક શાના ધો-૩ થી ૮ સુધીના વિદ્યાર્થીઓને હોળી-ધૂળેટી તહેવાર વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, બાળકોને રંગોથી તિલક લગાવીને હોળીની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સેકટર-૭ના બગીચામાં સંસ્કાર ગૃપ દ્વારા વૃક્ષોને રંગો તેમજ ફૂલોથી સુશોભિત કરવામાં આવ્યા હતા તેમજ બાળકોને કંકુ-ચંદન તેમજ કેસૂડાથી રંગવામાં આવ્યા હતા તથા પર્વ વિશેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વ્યકિતઓને ખજૂર અને ધાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બાળકોને વન્યજીવો પ્રત્યેની આપણી ફરજો તથા તેમના સંરક્ષણ વિશે સમજ આપવામાં આવી હતી. હોળી નિમિત્તે યોજવામાં આવેલા ‘વન્ય જીવ બચાવો’ કાર્યક્રમમાં બાળકો સહિત મોટેરાંઓ પણ જોડાયા હતા.

# સે-૨૭માં ટ્રાન્સફોર્મરના કેબલમાં આગ લાગતા નાસભાગ

## કેબલો બળીને ખાખ : કોઈ જાનહાની કે મોટી માલહાની નહી





ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૨૭ ખાતે ખ-રોડ પાસેના એપ્રોચ રોડ ઉપર આવેલા નાના શોપીંગ સેન્ટર નજીક એક સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મરમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ટોરેન્ટના સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મરનાં કેબલમાં અચાનક શોર્ટ સર્કીટથી આગ લાગતા ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરી બોલાવી લેવાઈ હતી. ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગથી કોઈ જાનહાની કે કોઈ મોટી માલહાની થવા પામી ન હતી.

# ચાર વર્ષની બાળકી પર બળાત્કારના કેસમાં પોલિસ દિશા વિહીન...!

## એક અઠવાડીયું થયું પરંતુ હવસખોર શખ્સ સુધી પહોંચવા કોઈ જ કડી મળી નથી : બાળકી હજુ હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા.૩

પેથાપુર પાસે એક અઠવાડીયા પહેલા રાત્રે ઘર આંગણે ખાટલામાં સુતેલી ચાર વર્ષની માસુમ બાળકીને ટાર્ગેટ બનાવી કોઈ હવસખોર શખ્સે બાળકી ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. બાળકીને લોહી લુહાણ હાલતમાં ઘર પાસે મુકીને આ શખ્સ ફરાર થઈ ગયો હતો. ઘટનાના દિવસથી આજદિન સુધી બળાત્કારનો ભોગ બનનાર બાળકી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે તો બીજી તરફ પોલિસની ત્રણ ત્રણ ટીમો બળાત્કારી સુધી પહોંચવા મહેનત કરી રહી છે. અઠવાડીયું થયું પરંતુ હવસખોર શખ્સ સુધી પહોંચવાનુ પગેરૂ હજુ સુધી પોલિસને મળ્યું નથી અને પોલિસ હજુ આ કેસમાં દિશાવિહીન છે.

અઠવાડિયા પહેલા પેથાપુર પાસેની ચકચારી ચાર વર્ષની બાળકી ઉપર બળાત્કારની ઘટનામાં હજુ પોલિસને આરોપી સુધી પહોંચવા માટે કોઈ જ કડી મળી નથી. ૪ વર્ષની બાળકી ઉપર બળાત્કાર ગુજારનાર શખ્સ હજુ બિન્દાસ્ત ફરી રહ્યો છે અને પોલિસ તેને પકડી શકતી નથી. બળાત્કારનો ભોગ બનનાર બાળકી હજુ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે. પોલિસે બળાત્કારી સુધી પહોંચવા અલગ અલગ ટીમો બનાવીને બાળકીના પરિવારજનો અને પડોશીઓના નિવેદનો લીધા છે. આ ગુનામાં કોઈ જાણભેદુ વ્યકિત હોવાની શકયતાને આધારે પોલિસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે. જો કે હજુ સુધી પોલિસને આરોપી સુધી પહોંચવા માટે કોઈ પુરાવા કે પગેરુ મળ્યું નથી. હોસ્પિટલમાં દાખલ બાળકીને ફોટો બતાવીને બળાત્કારીને આઈડેન્ટીફાય કરવા તજવીજ ચાલી રહી છે.

## @ગાંધીનગર

● વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ ગાંધીનગર દ્વારા સદભાવના અને આશાદવાને જીવતો રાખીએ વિષય પર ડૉ. મુકુન્દ કોટેચા દ્વારા વકતવ્ય સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન સી.આર.૪, એલ.કે. પટેલ એનબીએ ગેટ નં.૨, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● રજાઓના પગલે સંસ્કૃતિકુંજ ખાતેના વસંતોત્સવમાં ભારે માનવમેદની ઉમટી રહી છે. મુલાકાતીઓના ધસારાને કારણે ‘જ’ માર્ગ પર વાહનોના પાર્કિંગની લાંબી લચક કતારો જોવા મળે છે.

● ગાંધીનગર-કોબા માર્ગ પર પર કુડાસણ નજીક એક ટ્રક પલ્ટી ખાઈ જવા પામી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજાના સમાચાર નથી મળ્યા પરંતુ ટ્રકમાં ભરેલો ઘણો બધો સામાન વેરવિખેર થવા પામ્યો હતો.

● શુક્રવારે સાંજના સુમારે સે-૭ના શોપીંગ સેન્ટરમાં એક વ્યકિતએ પુજારી જેવા લાગતા યુવકને ઢોર માર માર્યો હતો જેને સ્થાનિક નાગરિકોએ છોડાવ્યો હતો. માર મારનાર વ્યકિત એસઆરપી કર્મી હોવા સાથે પીધેલી હાલતમાં હોવાની ચર્ચા સાંભળવા મળી હતી.

# ભાષા સાહિત્ય રાષ્ટ્રવાદ વિષે આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો




ગાંધીનગર, તા.૩

સરકારી વિનયન કોલેજ સેકટર-૧૫ ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ‘ભાષા, સાહિત્ય અને રાષ્ટ્રવાદ’ વિષય ઉપર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદઘાટક અને મુખ્ય અતિથિ તરીકે મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે મંત્રી મહિલા અને બાળ વિકાસ તથા ઉચ્ચ શિક્ષણ દ્વારા દીપપ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમાપન રમતગમત, યુવા અને સાંસ્કૃતિકના મંત્રી ઈશ્વરસિંહ પટેલે કર્યું હતું.

કાર્યક્રમમાં દેશ વિદેશના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. ૩૩૫ સંશોધન પેપર રજુ થયા હતા. આચાર્ય ડૉ. હિંમતભાઈ ભાલોડિયા, ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેન વિષ્ણુભાઈ પંડયા, મહામાત્ર અજયસિંહ ચૌહાણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરવામાં આવી હતી.

# ડુંગરી ગરાસીયા સેવા સમાજ દ્વારા કેસુડીયા વનમાં ધુળેટીના પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા આદિવાસી પરીવારો દ્વારા પરંપરાગત રીતે ધુળેટીના પર્વની ઉજવણી સેકટર-૩ એ ન્યું કેસુડીયા વન ખાતે બપોરે ૨ થી ૭ કલાક દરમિયાન કરવામાં આવી હતી. જેમાં આદિવાસી સમાજના હજ્જારો ભાઈ -બહેનો જોડાયા હતા. આ પ્રસંગે ભાઈ-બહેનોએ ઢોલ, કુંડી, લેઝીમ અને દાંડીયાના તાલે નાચગાન કરીને ગુલાલની છોળો ઉડાડીને આનંદ ઉઠાવ્યો હતો. આદિવાસી સમાજની ધુળેટી નિહાળવા નગરજનો પણ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા.



ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ન્યુંમાં આવેલ કેસુડીયા વન ખાતે છેલ્લા ૧૦ વર્ષથી પરંપરાગત રીતે આદિવાસી સમાજ દ્વારા ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવે છે. ધુળેટીમાં સંસ્કૃતિના મુળભુત ઉદેશોને જાળવી રાખવા પ્રયત્ન કરીને ઉત્સવ ઉજવવામાં આવે છે. આદિવાસી સમાજના ગાંધીનગર તેમજ અમદાવાદ રહેતા અધિકારી-કર્મચારીઓ ધુળેટી પર્વની ઉજવણી કરવા મોટીસંખ્યામાં આવે છે. આ પ્રસંગે સમાજના નવ દંપતિઓ હોળીની પ્રદક્ષિણા ફરીને આશિર્વાદ મેળવે છે. જયારે બપોરે ૨ થી ૭ કલાક સુધી ધુળેટીની મજા માણતા હોય છે. જેમાં સમાજના ભાઈ બહેનો ઢોલ, કુંડી, લેઝીમ, ડાંડીયાના તાલ સાથે સમાજના ભાઈ બહેનો ઝુમતા નજરે પડે છે. શહેરમાં આયોજીત આદિવાસી સમાજની ધુળેટી પર્વની ઉજવણી નિહાળવા માટે ગાંધીનગરાઓ પણ મોટીસંખ્યામાં આવે છે.

# આજે સે-૧ ખાતે સંસ્કાર દ્વારા બાળલક્ષી પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૩

શહેરની જ્ઞાન, ગમ્મત અને વિકાસલક્ષી સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા આજે રવિવારે બપોરે ૧૨ કલાકે સેકટર-૧ના બગીચામાં બાળકોલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨ કલાકે પ્રાર્થના બાદ બાળકોને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે. ત્યારબાદ જ્ઞાન સાથે રમતગમતનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સંસ્કાર ગૃપ દ્વારા બાળકોને અલ્પાહાર આપવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. ભલાજી ચંદુજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. દંતાણી શનિ પ્રતાપભાઈ, ઉ.વ. ૧૭